# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# MONSOON

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે 10થી 12 વાગ્યા દરમિયાન માળિયા હાટિનામાં 14 મિલિમીટર, અમરેલીમાં સાત મિલિમિટર, મેંદરડામાં ચાર મિલિમિટર વરસાદ પડ્યો હતો, જ્યારે સવારે છથી 10 વાગ્યા સુધીમાં સરેરાશ એક ઇંચથી ઓછો વરસાદ પડ્યો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે, સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો સૌથી વધુ ૩૪.૯૪ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં મોસમનો કુલ ૩૪.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૨૭.૨૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૭.૭૫ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો ૧૬.૩૨ ટકા વરસાદ થયો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકામાં સૌથી વધુ પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ, જુનાગઢના વંથલી, માણાવદર અને માળિયા હાટીના તાલુકામાં તેમજ બનાસકાંઠાના ભાભર તાલુકા સહિત કુલ ૬ તાલુકાઓમાં ૪ ઇંચથી વધુ વરસાદ નોંધાયા હોવાના અહેવાલ છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહેમદાવાદ, રાણાવાવ, ભાણવડ, ધોરાજી, લાઠી, મેંદરડા, કેશોદ અને તાલાળા તાલુકામાં ૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે બગસરા, નખત્રાણા, અંજાર, પોરબંદર, માતર, જામકંડોરણા, ગાંધીધામ, ખેડા, કુતિયાણા, વિસાવદર અને જૂનાગઢના માંગરોળ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યના આશરે ૩૨ જેટલા તાલુકામાં એક ઈંચથી વધુ અને ૧૦૪ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધી વિપુલ પુરોહિત જણાવે છે કે, જિલ્લાની મોટા ભાગની ખેતી વરસાદ આધારિત હોવાથી ચોમાસામાં સારા વરસાદના આગમન બાદ ખેડૂતો વાવણીમાં જોતરાઈ જાય છે. પાંચ જુલાઈ સુધીમાં જિલ્લાની 1.67 લાખ હેક્ટર જમીનમાંથી 31 હજાર 230 હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. વાવણીલાયક વરસાદ ન થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં ચોથી જુલાઈ સુધીમાં સરેરાશ 16 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં જાંબુઘોડા તાલુકામાં સૌથી વધુ ૪ ઇંચ જ્યારે સૌથી ઓછો ગોધરા તાલુકામાં 3 ઇંચ વરસાદ નોંધાયો છે.

------------------

# GUJARAT CABINET BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. રાજ્યમાં શિક્ષકોની ભરતી- એચ ટાટના બદલીના નિયમો, રાજ્યમાં GMERS માં મેડિકલ ફી વધારો, રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિવિષયક બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

.................

## GREEN MAHESANA PROJECT

મહેસાણા જિલ્લામાં પર્યાવરણની જાળવણી માટે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ થાય તે માટેના પ્રયાસ શરૂ કરવામાં આવ્યાં છે.. ગ્રીન મહેસાણા પ્રોજેક્ટ હેઠળ જિલ્લામાં પસંદ કરવામાં આવેલાં 38 ગામોની ગૌચર જમીન પર વૃક્ષારોપણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે જિલ્લા વન વિભાગ અધિકારીએ જિલ્લાની ગ્રામપંચાયતો પાસેથી ગ્રામ પંચાયતના ઠરાવ સાથે ગૌચર જમીનની માહિતી મંગાવી છે. આગામી સમયમાં આ કામગીરી શરૂ કરવામાં આવશે..

-----------------

## KHEDA PARA OLYMPICS

ફ્રાન્સમાં પેરિસ પેરા ઓલિમ્પિક્સ ગેમ્સ 2024 માટેની ભારતીય પેરા એથ્લેટિક્સ ખેલાડીઓની પસંદગી સમિતિમાં ખેડા જિલ્લાના રમત વિકાસ અધિકારી ડૉ. મનસુખ તાવેથિયાને સ્થાન મળ્યું છે. પસંદગી સમિતિમાં સ્થાન પામનાર તેઓ ગુજરાતના પ્રથમ મુખ્ય કોચ છે. તેઓ છેલ્લા 10 વર્ષથી નડિયાદમાં આવેલા જિલ્લા રમતગમત સંકુલ, ઉચ્ચ પ્રદર્શન કેન્દ્ર ખાતે મુખ્ય કોચ તરીકે ફરજ બજાવે છે. બેંગલુરુમાં 17 જુલાઈએ ભારતીય ટીમની પસંદગી થશે.

સમિતિના સભ્ય તરીકે નિમણૂક બદલ સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના અધિકારીઓએ શ્રી તાવેથિયાને અભિનંદન પાઠવ્યા છે.

.................

## NARMADA AMRUT SAROVAR

નર્મદા જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. હાલમાં જિલ્લામાં વરસાદના કારણે આ અમૃત સરોવરોમાં પાણીની આવક થઈ રહી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિદેશક જે. કે. જાદવ જણાવે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાનના કારણે જિલ્લામાં અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. આ સરોવરથી ખેડૂતોને પાણી મળી રહ્યું છે. ખેડૂતો આ સુવિધાના કારણે વર્ષમાં બે વખત પાક લઈ શકે છે.

----------------------------

## JAMNAGAR DRIVE

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ DHEW અંતર્ગત પટેલ એકેડમી સ્કૂલ ખાતે 100 દિવસનાં વિશેષ નામાંકન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓની સલામતી, રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજના અંગેની માહિતી, ગુડ ટચ એન્ડ બેડ ટચ, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન આધારિત સહાયતા કેન્દ્ર, મહિલા પોલીસ સ્ટેશન, 181 મહિલા હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર, આરોગ્ય હેલ્પલાઈન નંબર, નારી અદાલત, વહાલી દીકરી યોજના વગેરે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAMNAGAR ANTYODAY

જામનગરના ઉત્તર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજા દ્વારા તેમના ગત જન્મદિવસ નિમિત્તે ૬૦૦થી વધુ લાભાર્થીઓને અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજનાનું રક્ષા કવચ પૂરૂં પાડવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર વિધાનસભા વિસ્તારના ૨૩૦ જેટલા બુથ પ્રમુખોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકીના બુથ નંબર ૧૦૯ ના પ્રમુખ મનસુખભાઇ ચાવડાનું આકસ્મિક નિધન થતાં તેમના પરિવારને રૂપિયા ૧૦ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો, તેમજ તેઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

-----------------